# * ધો-6 * વિષય :- સા.વિજ્ઞાન *

## * પ્રકરણ- 1 * ચાલો, ઈતિહાસ ભણીએ *

## * સામાજિક વિજ્ઞાનમાં એક રસપ્રદ વિષય તરીકે ઈતિહાસ :-

NCERT ના અભ્યાસક્રમ પર આધારિત

### :- સમાજવિજ્ઞાનની ઉપયોગિતા :-

- મનુષ્યના સામાજિક વિશ્વથી માહિતગાર કરે છે.
- તે ભૂગોળ, અર્થશાસ્ત્ર, સામાજિક પરિસ્થિતિ અને સંસ્થાઓ, રાજકીય પ્રવૃત્તિઓ અને સંગઠનોની માહિતી આપે છે.
- આપણને વર્તમાન સમાજજીવનનો પરિચય કરાવે છે.

### :- ઈતિહાસ એક રસપ્રદ વિષય :-

- ઈતિહાસ માનવસમાજના ભૂતકાળની માહિતી આપે છે. જેની મદદથી આપણે વર્તમાનકાળને જાણી શકીએ છીએ.
- ઈતિહાસની મદદથી આપણે ભૂતકાળના જ્ઞાન દ્વારા વર્તમાન સમાજજીવનને સમજી શકીએ છીએ.
- માનવે જ્યારે અગ્નિનો ઉપયોગ શરૂ કર્યો ન હતો ત્યારે તેનું જીવન કેવું હતું ? માનવી ખેતીવાડી, રસ્તા, વાહનવ્યવહાર, મકાનો વગર કેવી રીતે રહેતા હશે ? માનવજીવનનાં આવાં રસપ્રદ પાસાંઓ વિશે ઈતિહાસ આપણને માહિતી આપે છે.
- ઈતિહાસ આપણને ભૂતકાળનાં જુદાં જ જીવનની સફર કરાવે છે.
- એક યુગમાંથી બીજા અને બીજામાંથી ત્રીજા એમ અનેક યુગોનાં માનવજીવનનાં રીત-રિવાજો, માન્યતાઓ, તેમના ખોરાક અને પોશાક વિશે માહિતી આપે છે.
- ઈતિહાસ માત્ર ભૂતકાળની જ બાબતો સાથે સંકળાયેલો નથી, તે વર્તમાનકાળની વ્યવસ્થા સાથે કડીરૂપ છે.
- આપણાં પૂર્વજો કેવા હતા ? તે ક્યાં રહેતા હતા ? શું ખાતા હતા ? તેમના જીવનની અનેક મહત્ત્વપૂર્ણ બાબતોની માહિતી આપે ઈતિહાસ આપણને માનવીના જીવનમાં આવેલા પરિવર્તનોથી માહિતગાર કરે છે.

### :- ઈતિહાસ જાણવાનાં સાધનો- સ્રોત :-

1. તાડપત્ર અને ભોજપત્ર
2. અભિલેખો
3. તામ્રપત્રો
4. સિક્કા
5. ઈતિહાસના અભ્યાસીઓ - પુરાતત્ત્વશાસ્ત્રીઓ, ઈતિહાસકારો અને પ્રવાસીઓ.
6. જૂની ઈમારતો, ઈંટો, પથ્થરો, ખોરાકના નમૂનાઓ, મનુષ્યો અને પ્રાણીઓનાં હાડકાં, પ્રવાસવર્ણનો, વગેરે.

Scanned by CamScanner

* પ્રકરણ - 1 (ચાલો, ઈતિહાસ ભણીએ) *

## * યાદ રાખવાનાં મુદ્દાઓ *

* સામાજિક વિજ્ઞાન આપણને મનુષ્યના સામાજિક જગતથી માહિતગાર કરે છે.

* સામાજિક વિજ્ઞાન આપણને વર્તમાન સમાજજીવનનો પરિચય કરાવે છે, જ્યારે ઈતિહાસ માનવસમાજના ભૂતકાળની માહિતી આપે છે.

* ઈતિહાસ જાણવા માટે તાડપત્ર, ભોજપત્ર, અભિલેખો, તામ્રપત્રો, સિક્કા, ઈંટો, પથ્થરો, ઓજારો, ખોરાકના નમૂનાઓ, મનુષ્યો અને પ્રાણીઓનાં હાડકાં, આભૂષણો, પોશાક, પ્રવાસવર્ણનો (ડાયરી), ગ્રંથો વગેરે જેવા સ્રોતો ઉપયોગી બને છે.

* પ્રાચીન સમયમાં માનવી લખવા માટે તાડપત્ર કે ભોજપત્રનો ઉપયોગ કરતો.

* **તાડપત્રો**:- એટલે તાડ વૃક્ષના પર્ણ પર લખાયેલી હસ્તપ્રતો.

* **ભોજપત્રો** :- એટલે હિમાલયમાં થતાં ભૂર્જ નામનાં વૃક્ષોની પાતળી આંતરછાલ ઉપર લખાયેલ હસ્તપ્રતો.

* તાડપત્રો અને ભોજપત્રોની હસ્તપ્રતો મંદિરો અને મઠોમાં સચવાયેલી જોવા મળે છે. તેમાં સંસ્કૃત, પ્રાકૃત અને તમિલ ભાષામાં લખાણો જોવા મળે છે.

* શિલાઓ અને પથ્થરો પર કોતરેલા કે લખેલા લેખ અભિલેખ કહેવાય છે. ઘણી વાર તે ધાતુ પર પણ મળી આવે છે.

* રાજા પોતાના આદેશો શિલાઓ પર કોતરાવી પ્રજા સાથે સંવાદ કરતા હતા. તેમાં અશોકના શિલાલેખો ખૂબ જ જાણીતા છે.

* તાંબાના પતરાં ઉપર કોતરીને લખવામાં આવતું લખાણ એટલે '**તામ્રપત્ર**'.

* પાટણની હેમચંદ્રાચાર્ય લાઈબ્રેરી, અમદાવાદની એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલૉજી, નવરંગપુરા, ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન - અમદાવાદ, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબા (ગાંધીનગર) માં તામ્રપત્રો સચવાયેલાં છે.

* સિક્કા પણ ઈતિહાસ જાણવાનાં અગત્યનાં સાધનો છે. તેમાંથી રાજાનું નામ, તેનો ધર્મ, સંસ્કૃતિ વગેરેની તેમજ સમયગાળાની માહિતી મળે છે.

* ભારતમાં ઈ.સ. પૂર્વેની 5 મી સદીના '**પંચમાર્ક**' સિક્કા મળી આવ્યા છે, જે સૌથી જૂના સિક્કા છે.

* ધાતુના ટુકડાઓને છાપ ઉપસાવવા બીબામાં મૂકી દબાણ આપી બનાવાતા સિક્કા 'પંચમાર્ક' સિક્કા તરીકે ઓળખાય છે.

* માનવસમાજના ભૂતકાળ વિશે જાણકારી આપનાર '**પુરાતત્ત્વશાસ્ત્રીઓ**' કહેવાય છે.

* પુરાતત્ત્વશાસ્ત્રીઓ અને ઈતિહાસકારોનાં સંશોધનોથી આપણને ઉત્તર-પશ્ચિમ ભારતમાં સિંધુ નદીકિનારે પાંગરેલી ભારતની મહાન સભ્યતાનાં દર્શન થાય છે.

* મેગેસ્થનીસ, ફાહિયાન, હ્યુએન ત્સાંગ જેવા વિદેશી મુસાફરોનાં પ્રવાસવર્ણનોમાંથી આપણાં દેશનાં પ્રાચીન ઈતિહાસ અને સંસ્કૃતિની જાણકારી મળે છે.

* 'ઈન્ડિયા' શબ્દ ઈન્ડસ પરથી ઉતરી આવેલો છે, જેને સંસ્કૃત ભાષામાં 'સિંધુ' કહેવાય છે.
* ઈરાનીઓ સિંધુ નહીંને હિન્ડોસ અને ગ્રીસના લોકો ઈન્ડસ કહેતા હતા.
* 'ભારત' નામ ઋગ્વેદમાંથી મળવા મળે છે.
* ભરત નામનો માનવસમૂહ ઉત્તર-પશ્ચિમ ભારતમાં આવીને વસેલો. તેમના નામ પરથી આપણો દેશ 'ભારત' તરીકે ઓળખાય છે.
* ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્તના જન્મને દુનિયામાં સમય સાથે જોડવામાં આવ્યો છે. તેને આપણે ઈસવી સન કહીએ છીએ. A.D. - Anno Domini એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં વર્ષો.
* C.E. એટલે Common Era (સામાન્ય કે સાધારણ યુગ), જ્યારે B.C.E. એટલે Before Common Era (સામાન્ય કે સાધારણ યુગ પૂર્વે.
* ઘણી વાર સાલવારીને A.D. ને બદલે C.E. અને B.C. ને બદલે B.C.E. તરીકે પણ લખવામાં આવે છે.

## -: B.C. નો અર્થ સમજવો :-

→ B.C. ને અંગ્રેજીમાં Before Christ કહેવાય, એટલે કે ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાંનો સમય. ઉદા. તરીકે 2000 ઈ.સ. પૂર્વે એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાંનાં 2000 વર્ષ.

## -: A.D. નો અર્થ સમજવો :-

→ A.D. ને અંગ્રેજીમાં Anno Domini કહેવાય, એટલે કે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં વર્ષો એમ કહેવાય. ઉદા. તરીકે ઈ.સ. 2000 એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં 2000 વર્ષ.

## * અધ્યયન નિષ્પત્તિઓ :→

1. વિદ્યાર્થીઓ ઐતિહાસિક તથા સાહિત્યિક સ્રોતોને ઓળખી, ઇતિહાસના પુનઃનિર્માણ માટે વિવિધ સ્રોતોના ઉપયોગનું વર્ણન કરે છે.

૨. વિદ્યાર્થીઓ ભારતના નકશામાં ઐતિહાસિક સ્થળોને દર્શાવે છે.

NEW Syllabus

Scanned by CamScanner

# * ધો-6 * સા. વિજ્ઞાન * પ્રકરણ-1 *

## * એક-બે વાક્યોનાં પ્રશ્નો *

(1). સામાજિક વિજ્ઞાન આપણને કઈ-કઈ બાબતોની જાણકારી આપે છે?
જવાબ:- સામાજિક વિજ્ઞાન આપણને ઈતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, સામાજિક પરિસ્થિતિ, સંસ્થાઓ, રાજનીતિશાસ્ત્ર, વર્તમાન સમાજજીવન વગેરે બાબતોની જાણકારી આપે છે.

(2). સામાજિક વિજ્ઞાનમાં ક્યો વિષય આપણને માનવસમાજના ભૂતકાળની માહિતી આપે છે?
જવાબ:- સામાજિક વિજ્ઞાનમાં ઈતિહાસ વિષય આપણને માનવસમાજના ભૂતકાળની માહિતી આપે છે.

(3). પ્રાચીન સમયમાં માનવ લખવા માટે શેનો ઉપયોગ કરતો હતો?
જવાબ:- પ્રાચીન સમયમાં માનવ લખવા માટે તાડપત્ર કે ભોજપત્રનો ઉપયોગ કરતો હતો.

(4). હસ્તપ્રતોમાંથી આપણને કઈ-કઈ બાબતોની જાણકારી મળે છે?
જવાબ:- હસ્તપ્રતોમાંથી આપણને પ્રાચીન સમયનાં ભાષા, ધાર્મિક રીતરિવાજ, સામાજિક માન્યતાઓ, રાજાઓની જીવનશૈલી, વિજ્ઞાન, શિક્ષણ, દવાઓ, પ્રાણીઓ વગેરે બાબતોની જાણકારી મળે છે.

(5). હસ્તપ્રતોમાં કઈ કઈ ભાષામાં લખાણો જોવા મળે છે?
જવાબ:- હસ્તપ્રતોમાં સંસ્કૃત, પ્રાકૃત અને તમિલ ભાષામાં લખાણો જોવાં મળે છે.

(6). ક્યા ઐતિહાસિક સ્રોત ઉપર લખાયેલાં લખાણો લાંબા સમય સુધી ટકી રહ્યાં છે?
જવાબ:- શિલાલેખો અને અભિલેખો જેવા ઐતિહાસિક સ્રોત ઉપર લખાયેલાં લખાણો લાંબા સમય સુધી ટકી રહ્યાં છે.

(7). તામ્રપત્ર કોને કહેવામાં આવે છે?
જવાબ:- તાંબાના પતરા ઉપર કોતરીને લખવામાં આવેલા લખાણને 'તામ્રપત્ર' કહેવામાં આવે છે.

(8). રાજાઓ તામ્રપત્રોનો ઉપયોગ કેવી રીતે કરતા હતા?
જવાબ:- રાજાઓ પોતાનાં વહીવટીતંત્ર અને દાનની માહિતી તાંબાના પતરા ઉપર કોતરાવીને તેનો ઉપયોગ કરતા હતા.

(9). તાડપત્રો કોને કહેવામાં આવે છે?
જવાબ:- તાડપત્રો એટલે તાડવૃક્ષના પર્ણ પર લખાયેલી હસ્તપ્રતો.

(10). ભોજપત્રો કોને કહેવામાં આવે છે?
જવાબ:- ભોજપત્રો એટલે હિમાલયમાં થતાં ભૂર્જ નામનાં વૃક્ષોની પાતળી આંતરછાલ પર લખાયેલી હસ્તપ્રતો.

(11). અભિલેખો કોને કહેવામાં આવે છે?
જવાબ:- શિલાઓ અને પથ્થરો પર કોતરેલા લેખ 'અભિલેખ' કહેવાય છે.

(12). સિક્કાના આધારે કઈ માહિતી મળે છે?
જવાબ:- સિક્કાના આધારે રાજાનું નામ, તેમનાં ધર્મ અને સંસ્કૃતિ તેમજ જે-તે રાજ્યની સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય માહિતી મળે છે.

(13) પ્રાચીનકાળમાં ભારતમાં ક્યા ક્યા વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા ?
જવાબ:- પ્રાચીનકાળમાં ભારતમાં મેગેસ્થનીસ, પ્લિની, ફાહિયાન, યુએન શ્વાંગ વગેરે વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા.
(14) આપણાં દેશને ક્યાં બે નામોથી ઓળખવામાં આવે છે ?
જવાબ:- આપણાં દેશને 'ઈન્ડિયા' અને 'ભારત' એમ બે નામોથી ઓળખવામાં આવે છે.
(15) પ્રાચીન ઈરાન અને ગ્રીસના લોકો ભારતની કઈ નદીથી પરિચિત હતા ?
જવાબ:- પ્રાચીન ઈરાન અને ગ્રીસના લોકો ભારતની સિંધુ નદીથી પરિચિત હતા.
(16) ભરત નામના માનવસમૂહનો ઉલ્લેખ સંસ્કૃતની કઈ કૃતિમાં જોવા મળે છે ?
જવાબ:- ભરત નામના માનવસમૂહનો ઉલ્લેખ સંસ્કૃતની આરંભિક કૃતિ ઋગ્વેદમાં જોવા મળે છે.
(17) ભરત નામના માનવસમૂહે ભારતમાં કઈ જગ્યાએ વસવાટ કર્યો હતો ?
જવાબ:- ભરત નામના માનવસમૂહે ભારતમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં વસવાટ કર્યો હતો.
(18) ઈ.સ. 2020 એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં કેટલાં વર્ષ ?
જવાબ:- ઈ.સ. 2020 એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં 2020 વર્ષ.
(19) દુનિયાનો સમય કઈ સાલવારી સાથે જોડવામાં આવ્યો છે ?
જવાબ:- દુનિયાનો સમય ઈસદા સનની સાલવારી સાથે જોડવામાં આવ્યો છે.
(20) આપણાં દેશમાં ઈસદા સન સાલવારીનો ઉપયોગ શા માટે કરવામાં આવે છે ?
જવાબ:- ખ્રિસ્તી ધર્મ વિશ્વનાં મોટાં ભાગનાં રાષ્ટ્રો સાથે સંકળાયેલો છે. તેથી અનેક રાષ્ટ્રોની જેમ આપણા દેશમાં ઈસદા સનની સાલવારીનો ઉપયોગ કરવામાં આવે છે.
(21) ગંગા નદીનાં આસપાસનાં ક્ષેત્રોમાં આજથી કેટલાં વર્ષ પહેલાં શહેરોનો વિકાસ થયો હતો ?
જવાબ:- ગંગા નદીનાં આસપાસનાં ક્ષેત્રોમાં આજથી 2500 વર્ષ પહેલાં શહેરોનો વિકાસ થયો હતો.
(22) ગ્રીસના લોકો સિંધુ નદીના પરિચયમાં કેટલાં વર્ષ પહેલાં આવ્યા હતા ?
જવાબ:- ગ્રીસના લોકો આજથી લગભગ 2500 વર્ષ પહેલાં સિંધુ નદીના પરિચયમાં આવ્યા હતા.
(23) આપણી સમક્ષ ભૂતકાળને કોણ જીવંત કરે છે ?
જવાબ:- આપણી સમક્ષ ભૂતકાળને પુરાતત્ત્વશાસ્ત્રીઓ અને ઈતિહાસકારો જીવંત કરે છે.
(24) ઈરાનીઓ સિંધુ નદીના ક્યા કિનારાને India - ઈન્ડિયાથી ઓળખતા હતા ?
જવાબ:- ઈરાનીઓ સિંધુ નદીના પૂર્વ કિનારાને India - ઈન્ડિયાથી ઓળખતા હતા.

Scanned by CamScanner

# * ધો-6 (સા.વિજ્ઞાન) * પ્રકરણ-1 *

(25). હિમાલયમાં ક્યાં વૃક્ષોની પાતળી આંતરછાલ ઉપર હસ્તપ્રતો લખવામાં આવતી ?

જવાબ:- ભૂર્જ વૃક્ષોની પાતળી આંતરછાલ ઉપર હસ્તપ્રતો લખવામાં આવતી.

(26). પ્રાચીન સમયમાં લખાયેલી હસ્તપ્રતો કઈ જગ્યાએ સચવાયેલી છે?

જવાબ:- પ્રાચીન સમયમાં લખાયેલી હસ્તપ્રતો મંદિરો અને મઠોમાં સચવાયેલ છે.

(27). શિલાઓ અને પથ્થરો પર કોતરેલા કે લખેલા લખાણને શું કહેવામાં આવે છે?

જવાબ:- શિલાઓ અને પથ્થરો પર કોતરેલા કે લખેલા લખાણ "અભિલેખો" કહેવામાં આવે છે.

(28). ક્યા શાસકના શિલાલેખો ખૂબ જ જાણીતા છે?

જવાબ:- અશોકના શિલાલેખો ખૂબ જ જાણીતા છે.

(29). પ્રાચીન સમયમાં કોણ પોતાના આદેશો શિલાઓ પર કોતરાવી પ્રજા સાથે સંવાદ કરતા હતા?

જવાબ:- રાજાઓ.

(30). તાંબાના પતરા ઉપર કોતરીને લખવામાં આવતા લખાણને શું કહેવાય?

જવાબ:- તામ્રપત્ર.

(31). ભારતમાં કઈ સદીના પંચમાર્કના સિક્કા મળી આવ્યા છે?

જવાબ:- ઈ.સ. પૂર્વે 5 મી સદીના.

(32). ઐતિહાસિક સ્ત્રોતનું અધ્યયન કરનાર ક્યા નામથી ઓળખાય છે?

જવાબ:- પુરાતત્વશાસ્ત્રી.

(33). ઈતિહાસકારોનાં સંશોધનોથી આપણને ઉત્તર-પશ્ચિમ ભારતમાં કઈ નદીના કિનારે પાંગરેલી મહાન સભ્યતાનાં દર્શન થાય છે?

જવાબ:- સિંધુ નદી.

(34). ભારતમાં કેટલાં વર્ષો પહેલાં અનેક શહેરો અસ્તિત્વમાં આવ્યાં હતાં?

જવાબ:- 4500 વર્ષ પહેલાં.

(35). ઈરાનીઓ સિંધુ નદીને શું કહેતા હતા?

જવાબ:- હિન્ડોસ.

નવા અભ્યાસક્રમ આધારિત

(36). ગ્રીસના લોકો સિંધુ નદીને શું કહેતા હતા?

જવાબ:- ઈન્ડસ.

(37). ક્યા વેદમાંથી આપણને ભારત નામ મળવા મળે છે?

જવાબ:- ઋગ્વેદમાંથી.

(38). ઈસવી સનની શરૂઆત ક્યા ધર્મના સ્થાપકના જન્મવર્ષથી કરવામાં આવેલ છે?

જવાબ:- ખ્રિસ્તી ધર્મના.

Scanned by CamScanner

# * ધો-6 (સા.વિજ્ઞાન) * પ્રકરણ-1 *

(39). ખ્રિસ્તી ધર્મના સ્થાપક કોણ હતા ?
જવાબ :- ઈસુ ખ્રિસ્ત.
(40). ઈ.સ. 2020 એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં કેટલાં વર્ષ ?
જવાબ :- 2020 વર્ષ.
(41). કયા ધર્મના સ્થાપકના જન્મવર્ષને દુનિયામાં સમય સાથે જોડવામાં આવ્યું છે ?
જવાબ :- ઈસુ ખ્રિસ્તના.
(42). ઘણી વાર સાલવારીને AD ને બદલે કઈ રીતે લખવામાં આવે છે ?
જવાબ :- C.E.
(43). ઘણી વાર સાલવારીને BC ને બદલે કઈ રીતે લખવામાં આવે છે ?
જવાબ :- B.C.E.
(44). સામાન્ય કે સાધારણ યુગને અંગ્રેજીમાં ટૂંકમાં કેવી રીતે લખી શકાય ?
જવાબ :- C.E.
(45). સામાન્ય કે સાધારણ યુગ પૂર્વેને અંગ્રેજીમાં ટૂંકમાં કેવી રીતે લખી શકાય ?
જવાબ :- B.C.E.
(46). રાજાઓ પોતાના આદેશો આપવા અને પ્રજા સાથે સંવાદ કરવા કયા ઐતિહાસિક સ્રોતનો ઉપયોગ કરતા ?
જવાબ :- અભિલેખો.
(47) 'ગુજરાતના કચ્છમાં 5000 વર્ષ જૂનું શહેર મળી આવ્યું છે.' તમે આ કેવી રીતે જાણી શક્યા ?
જવાબ :- ખોદકામ દરમિયાન મળી આવેલા અવશેષોના આધારે.

## * પ્રકરણ-1 માં કરાવી શકાય તેવી પ્રવૃત્તિઓ :→

(1). ભારતના નકશામાં સિંધુ અને તેની સહાયક નદીઓ, ગંગા અને તેની સહાયક નદીઓ તથા નર્મદા નદી શોધીને બતાવો.

(2). સ્થાનિક ઈતિહાસ જાણવા માટે પ્રશ્નાવલી તૈયાર કરો.

(3). તમારા ગામ કે શહેરનો ઈતિહાસ જાણવા માટે તમે કયા કયા ઐતિહાસિક સ્રોત એકત્ર કરશો ? તેની યાદી બનાવો.

(4). તમારી શાળામાં સહેલાઈથી મળી શકે તેવા ઈતિહાસ જાણવાના સ્રોતોનું પ્રદર્શન ગોઠવો અને તેની નોંધ તૈયાર કરો.

## * પ્રોજેક્ટ કાર્ય *

(1). તમારા ગામ કે શહેરનો ઈતિહાસ જાણવા પ્રોજેક્ટ કાર્ય કરી અહેવાલનોંધ તૈયાર કરો.

Scanned by CamScanner